ગાંધીનગર સમાચાર

# નરેન્દ્ર મોદી આજે બિહારમાં

## બિહાર સાથે જોડાયેલા એનડીએના તમામ ટોપ નેતા હાજર રહેશે : વડાપ્રધાન બન્યા બાદ મોદી પ્રથમવાર બિહારમાં

પટણા,તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવતીકાલે બિહારની પરિવર્તન રેલીને લઇને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદીની રેલીમાં ભાજપના નેતૃત્વમાં એનડીએના તમામ ટોપ નેતા હાજર રહે તેવી શક્યતા છે. જેમાં લોકજનશક્તિ પાર્ટીના નેતા રામવિલાસ પાસવાન, રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીના નેતા ઉપેન્દ્ર કુશવાહ અને હિન્દુસ્તાની અવામ મોરચાના નેતા જીતન રામ માંઝીનો સમાવેશ થાય છે. કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહનસિંહે આજે મુઝફ્ફરપુરમાં મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, બિહારની મોદીની યાત્રા ઐતિહાસિક બની જશે. કારણ કે તેઓ બિહારના વિકાસ માટે ખાસ પેકેજ પણ જાહેર કરી શકે છે. બિહારને વિકસિત કરવાનો તેમનો એજન્ડા રહેલો છે. રાધામોહન સિંહ મોદીની મુઝફ્ફરપુર બેઠકના ઇન્ચાર્જ તરીકે રહેશે. દર વર્ષે ભારતના વડાપ્રધાન બન્યા બાદથી મોદીની આ પ્રથમ બેઠક રહેશે. ભાજપના વરિષ્ઠ નેતા સુશીલકુમાર મોદી પણ કહી ચુક્યા છે કે, વડાપ્રધાન નાલંદા યુનિવર્સિટીની જેમ જ વિક્રમશિલા યુનિવર્સિટીના વિકાસની જાહેરાત કરી શકે છે. મોદી તરફથી બિહારને કોઇ ખાસ પેકેજ મળી શકે છે. કેન્દ્રીય પ્રધાન અનંતકુમારે કહ્યું છે કે, મુખ્યમંત્રી નીતિશકુમાર અને જનતાદળ યુનાઇટેડ તથા રાષ્ટ્રીય જનતાદળના નેતાઓને મોદીની યાત્રાનો વિરોધ કરવા સિવાય અન્ય કોઇ કામ નથી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસની સાથે સાથે જેડીયુ અને આરજેડીના નેતાઓ મોદીની રેલીના અનુસંધાનમાં હતાશ થયેલા છે. વડાપ્રધાન બન્યાના ૧૫ મહિના બાદ મોદી પહોંચી રહ્યા છે. મોદીની રેલીમાં તમામ નેતા હાજરી આપનાર છે. મુઝફ્ફરપુરમાં ચક્કર મેદાન ખાતે યોજાનારી રેલીથી મોદી બિહારમાં ચૂંટણી પ્રચાર માટે રણશિંગુ ફુંકનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોદીના કાર્યક્રમને લઇને તમામ તૈયારીમાં પક્ષના કાર્યકરો અને ટોપના નેતાઓ લાગેલા છે. મોદીની રેલીને સફળ બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યા છે. આના માટે સરકારની અંદર બિહાર સાથે જોડાયેલા પ્રધાનો અને સરકારના રણનિતીકાર પણ તૈયારીમાં લાગેલા છે. સુત્રોએ કહ્યું છે કે બિહારની સાથે જોડાયેલા જુદા જુદા મંત્રાલયના એક ડઝન જેટલા પ્રસ્તાવ કેબિનેટ નોંધ માટે તૈયાર છે. આગામી બુધવારથી આ પ્રોજેક્ટોને તબક્કાવારરીતે મંજૂરી આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે બિહારમાં ફુડ પાર્ક ખોલવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. ઉપરાંત મોદીના પ્રવાસ પહેલા પાવર અને માર્ગ સાથે જોડાયેલા પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવે તેવી શક્યતા છે. સુત્રોએ કહ્યું છે કે ચૂંટણી પહેલા ૫૦ હજાર કરોડના બિહાર સાથે જોડાયેલા પ્રોજેક્ટ પાસ કરવામાં આવશે અથવા તો ફરીથી લોંચ કરવામાં આવનાર છે. પરંતુ આને જુદી રીતે પેકેજ તરીકે જાહેર કરવામાં આવશે નહીં. કેટલીક યોજના એવી પણ છે જે વર્ષોથી પાસ થઇ ચુકી છે પરંતુ ટેકનિકલ કારણોસર આ યોજના શરૂ કરવામાં આવી નથી. જો કે ભાજપના નેતાઓનું કહેવુ છે કે મોદી બિહારની યાત્રા દરમિયાન કેટલીક નવી જાહેરાત ચોક્કસપણે કરીને લોકોનું ધ્યાન ખાસ રીતે ખેંચે. બિહાર માટે કેટલીક યોજના તૈયાર છે. મોતીહારી અને નાલંદામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ખોલવાની જાહેરાતની સાથે જ બંને જગ્યાઓ ઉપર એજ્યુકેશન હબ બનાવવાની ઘોષણા કરવામાં આવી શકે છે.



## ઈન્ડિયન આર્મીમાં ૧૦૦૦૦ ઓફિસરની હજુ પણ અછત

નવીદિલ્હી,તા. ૨૪

સંરક્ષણ મનોહરપારીકરે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આજે કહ્યું હતું કે, ભારતીય સેના ૧૦૦૦૦ ઓફિસરોની અછત ધરાવે છે. જ્યારે નૌકાસેનામાં ૧૮૦૦ ઓફિસરોની અછત દેખાઈ રહી છે. તેમણે માહિતી આપતા કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૨ બાદથી સેનામાંથી ૬૪૪ ઓફિસરો વહેલી તકે નિવૃત્તિ લઇ ચુક્યા છે. નેવીમાં આ આંકડો ૩૪૩નો રહ્યો છે જ્યારે એરફોર્સમાં આ આંકડો ૪૪૧નો રહ્યો છે. વિસ્તૃત વિગતો આપતા સંરક્ષણ મંત્રી કાર્યકરે કહ્યું હતું કે, સશસ્ત્ર દળોમાં અછત માટે ઘણા બધા કારણો રહેલા છે જેમાં નવી તાકાત સાથે સંખ્યાબળ વધારવાની બાબતનો સમાવેશ થાય છે. સમય સમયે ફોર્સ લેવલમાં વધારો કરવામાં આવે છે. તેમણે કઠોર પસંદગી માર્ગદર્શિકાનો ઉલ્લેખ કર્યો હતો. મેડિકલ અને ડેન્ટલ શાખાઓ સિવાય આર્મીમાં ઓફિસરોની ૯૬૪૨ ખાલી જગ્યાઓ રહેલી છે જ્યારે નૌકા સેનામાં આ આંકડો ૧૭૭૯નો રહેલો છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં પારીકરે કહ્યું હતું કે, સેના માટે ટ્રેનિંગ હેઠળ રહેલા કર્મચારીઓની સંખ્યા ૪૫૦૦૦ છે જ્યારે નેવીમાં આ સખ્યા ૧૦૫૨૩ અને એરફોર્સમાં આ સંખ્યા ૧૧૯૭૯ની આસપાસ રહી છે. સરકારે વર્ષ ૨૦૧૨ બાદથી ટ્રેનિંગ ઉપર કુલ ૨૪૦૯.૩ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આઈએએફમાં પાયલોટોની ઉપલબ્ધ સંખ્યાબળનો આંકડો ઓપરેશનલ જરૂરિયાતનો પહોંચી વળવા માટે પુરતો છે. પ્રધાને અન્ય વિવિધ આંકડાઓ પણ આપ્યા હતા જેનાથી સાબિત થાય છે કે, ભારતીય સેનામાં હજુ પણ મોટાપાયે અધિકારીઓની ભરતી કરવાની જરૂર રહેલી છે. ખાલી જગ્યાઓની સંખ્યા હજારોમાં રહેલી છે.

## મુલાયમ સામે FIRની અરજી પોલીસે ફગાવી

લખનૌ,તા. ૨૪

ઉત્તર પ્રદેશ પોલીસે ખતરનાક પરિણામ આવવાની ફોન ઉપર ધમકી આપવા બદલ સમાજવાદી પાર્ટીના વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવ સામે એફઆઈઆર દાખલ કરવા માટેની સસ્પેન્ડ કરવામાં આવેલી આઈપીએસ ઓફિસર અમિતાભ ઠાકુરની અરજીને આજે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, આક્ષેપો ટકી શકે તેવા નથી. આની સાથે જ ઠાકુરે આજે કહ્યું હતું કે, તેઓ ન્યાય મેળવવા માટે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં અરજી કરવાની યોજના ધરાવે છે. હઝરતગંજ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર વિજયમાલસિંહ યાદવ દ્વારા લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, મુલાયસિંહ અંગે અમિતાભ ઠાકુર દ્વારા કરવામાં આવેલી ફરિયાદમાં તપાસ કરવામાં આવી હતી. ફરિયાદ બાદ એવું જાણવા મળ્યું કે, મુલાયમસિંહ સામે કરવામાં આવેલા આક્ષેપો ટકી શકે તેવા નથી જેથી એફઆઈઆર દાખલ કરવા માટેની તેમની અરજીને ફગાવી દેવામાં આવી છે. ગઈ સાંજે તેમના નિવાસસ્થાને ઠાકુરની પત્નિ નૂતનને પત્ર આપી દેવામાં આવ્યો હતો. આઈજી રેંકના ઓફિસર ફોન કોલના મામલામાં પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસને લઈને બિલકુલ સહમત ન હતા. તેમણે કહ્યું હતું કે, આ તારણ ઉપર પહોંચવા માટે કોઈ કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. યોજના પૂર્વક આ નીતી તૈયાર થઈ છે.

## ખેડૂત આત્મહત્યા માટે પ્રેમ પ્રકરણ પણ જવાબદાર છે

નવીદિલ્હી,તા. ૨૪

લલિત ગેટ અને વ્યાપમ કૌભાંડને લઈને પહેલાથી જ મુશ્કેલીનો સામનો કરી રહેલા ભાજપની તકલીફ વધે તેવા ઘટનાક્રમમાં કેન્દ્રીય કૃષિમંત્રી રાધામોહનસિંહે આજે કહ્યું હતું કે, આ વર્ષે ભારતમાં ૧૪૦૦ ખેડૂતોની આત્મહત્યાના કારણોમાં પ્રેમ પ્રકરણ અને નપુંસકતા પણ કારણો હોઈ શકે છે. ભારતમાં ઘણા બધા ખેડૂતોની આત્મહત્યા માટે ઘણા કારણો સપાટી ઉપર આવ્યા છે. સિંહે કહ્યું હતું કે, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના જણાવ્યા મુજબ ખેડૂતોની આત્મહત્યા માટેના જે કારણો અપાયા છે તેમાં માંદગી, પારિવારિક સમસ્યા, દહેજ, પ્રેમ પ્રકરણ અને નપુંસકતાનો સમાવેશ થાય છે. જો કે, પ્રધાને અન્ય કારણો પૈકી એક તરીકે દેવાના કારણનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ નિવેદન કરવામાં આવ્યા બાદ રાધામોહનસિંહ સામે નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. જનતા દળ યુનાઈટેડના નેતા કેસી ત્યાગીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, પાર્ટી કૃષિ મંત્રી સામે નોટિસ દાખલ કરશે. કોંગ્રેસના પ્રવક્તા અને પીઢ અભિનેતા રાજ બબ્બરે કહ્યું હતું કે, ભાજપ જેવી અન્ય કોઈપણ પાર્ટી ખેડૂતોની દુર્દશા પ્રત્યે આ પ્રકારની માનસિકતા ધરાવે છે. વિરોધ પક્ષોને હવે સરકાર સામે નવા હથિયાર મળી ગયા છે. મોદી સરકાર પહેલાથી જ વ્યાપમ કૌભાંડ અને લલિતગેટ મુદ્દાને લઈને નારાજગીનો સામનો કરી રહી છે. સંસદમાં ધાધલ ધમાલનો દોર જારી રહ્યો છે. આજે સતત ચોથા દિવસે રાજ્યસભા અને લોકસભાની કામગીરી ખોરવાઈ ગઈ હતી. રાધામોહનસિંહના નિવેદનો પણ આગામી દિવસોમાં હોબાળો મચાવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ખેડૂત વિરોધી અને ગરીબ વિરોધી સરકાર હોવાનો દાવો પહેલાથી જ વિરોધ પક્ષો કરી રહ્યા છે.

**શ્રીનગરમાં હુમલો કરવામાં આવ્યો**

## મોબાઈલ કંપની શો રૂમ પર ગ્રેનેડ હુમલો કરાયો

શ્રીનગર,તા. ૨૩

આતંકવાદીઓએ શ્રીનગર શહેરમાં બે ખાનગી મોબાઈલ ટેલિકોમ્યુનિકેશન કંપનીઓની ઓફિસને ટાર્ગેટ બનાવીને જોરદાર ગ્રેનેડ ઝીંક્યા હતા. તેમના શો રુમની અંદર આ ગ્રેનેડ ઝીંકવામાં આવ્યા હતા. આ બનાવમાં કોઈને પણ ઈજા થઈ ન હતી. મિનિટોના ગાળામાં જ આ હુમલો કરવામાં આવ્યો હતો. બે વણઓળખાયેલા યુવાનો આજે સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ઝોનલ પોલીસ હેડક્વાર્ટરથી ૩૦૦ મીટરના અંતરે સ્થિત કરણનગર ખાતે એરસેલની ઓફિસમાં ઘુસી ગયા હતા અને સ્ટાફને બહાર નિકળી જવા માટે સૂચના આપી હતી. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, આતંકવાદીઓએ ત્યારબાદ પ્રાંગણની અંદર ગ્રેનેડો ઝીંક્યા હતા અને ફરાર થઈ ગયા હતા. આવો જ એક બનાવ વોડાફોનના શો રુમમાં પણ બન્યો હતો જ્યાં આવી જ રીતે ગ્રેનેડો ઝીંકવામાં આવ્યા હતા. બંને બનાવમાં કોઈને પણ ઈજા થઈ નથી. પોલીસને આ બનાવ બાદ એલર્ટની જાહેરાત કરવાની ફરજ પડી હતી. શહેરમાં તમામ ચેકપોઈન્ટ ઉપર એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી.

## કાળા નાણા સંદર્ભે સુપ્રીમમાં ભલામણો અંતે સુપરત

નવીદિલ્હી,તા. ૨૪

કાળા નાણા મુદ્દે ખાસ તપાસ સમિતિ (સીટ)એ આજે કહ્યું હતું કે, માર્કેટ રેગ્યુલેટર સેબીને શેરના વધારાના અભ્યાસ કરવા માટે નિરીક્ષણ વ્યવસ્થા બનાવવી જોઈએ. શેરના વધારામાં અભ્યાસ કરવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ કાળા નાણાના મુદ્દે રજૂ કરવામાં આવેલી ભલામણોમાં સીટે કહ્યું છે કે, સેબી ઈન્ડિયાએ મનીલોન્ડરીંગ માટેના પી-નોટ દુરુપયોગને રોકવા માટે ધ્યાન આપવાની જરૂર છે. સીટે અભ્યાસમાં એમ પણ કહ્યું છે કે, સેબીની પાર્ટીસિપેટરી નોટ પર ધારા ધોરણો તૈયાર કરવાની જરૂર છે. જો કોઈ ખોટી બાબત નજરે પડે તો પ્રોસીક્યુશન સેબી એક્ટ હેઠળ હાથ ધરવામાં આવી શકે છે. સીટે વધુમાં કહ્યું છે કે, એસએફઆઈઓને તમામ મુદ્દા પર ધ્યાન આપવાની



જરૂર છે. સીબીડીટી, ઈડી અને એફઆઈયુ જેવી અન્ય એજન્સી સાથે માહિતીની આપલે કરવામાં આવે તે જરૂરી છે. સીટે પોતાની ભલામણમાં એમ પણ કહ્યું છે કે, ક્રિકેટના સટ્ટાના દૂષણને રોકવા માટે ધારાધોરણોની જરૂર છે. કારણ કે, મોટાપ્રમાણમાં કાળા નાણાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સટ્ટામાં મોટાપાયે રકમ ઉભી થઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓને આપવામાં આવતા દાનને પણ કાયદાકીયરીતે બનાવવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી સીટને ખુબ જ અગત્યની ગણાય છે. સુપ્રીમ કોર્ટે સીટની રચના કરીને કાળા નાણા બનાવને રોકવા ઉપર ભાર મુક્યો હતો. ૧૧ અગ્રણી કેન્દ્રીય સંસ્થાના પ્રતિનિધિઓ પણ આમા જોડાયા હતા. કાળા નાણાને લઈને દેશભરમાં જોરદાર હોબાળો રહ્યો છે. વિદેશમાંથી કાળા નાણા લાવવા માટે વર્ષોથી રાજનીતિ થતી રહી છે. લોકસભાની ચૂંટણી દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો. જેથી કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદ પણ મોદી સરકાર ભીંસમાં રહી હતી. કાળા નાણાને લઈને ઘણી સમિતિ બની ચુકી છે.

**સાક્ષી મહારાજનું ફરીથી વિવાદાસ્પદ નિવેદન**

## સોનિયા અને રાહુલ ગાંધીને ઈટાલી જતા રહેવાની સૂચન

નવી દિલ્હી,તા. ૨૪

વધુ એક વિવાદ છેડીને ભાજપના સાંસદ સાક્ષી મહારાજે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ઉપપ્રમુખ રાહુલ ગાંધીની ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે, બંને નેતાઓ હવે ફરીવાર ઈટાલી જતાં રહે તેવો સમય આવી ગયો છે. ઉનાવમાંથી ભાજપના સાંસદે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ સાથે લલિત મોદી વિવાદના ચર્ચામાં ઉતરવા રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને ફરી ઈટાલી જતા રહેવા માટે સૂચન કરીને સાક્ષી મહારાજે વિવાદાસ્પદ નિવેદન કર્યું




છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નિવેદન કરતી વેળા સાવધાની રાખવા ભાજપના સાંસદોને કહી રહ્યા છે ત્યારે આ પ્રકારના નિવેદન વારંવાર આવી રહ્યા છે જેથી ભાજપની પ્રતિષ્ઠાને પણ ફટકો પડી રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં જ સાક્ષી મહારાજે રાહુલ ગાંધી ઉપર પ્રહાર કર્યા હતા અને તેમની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધી હાલમાં ખેડૂતોની નજીક પહોંચવાના પ્રયાસો કરી રહ્યા છે. લલિતગેટ મુદ્દાને લઈને સુષ્મા સ્વરાજની રાહુલ ગાંધી હાલમાં ટાર્ગેટ બનાવી ચુક્યા છે. લલિત મોદી વિવાદમાં તેમના મૌન અંગે વડાપ્રધાન મોદી પર પ્રહાર કરતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ હાલમાં જ કહ્યું હતું કે, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને રાજીનામુ આપી દેવા માટે સૂચના આપવી જોઈએ. મોદીની વિશ્વસનીયતા ઘટી હોવાની વાત પણ કરી હતી. રાહુલે કહ્યું હતું કે, વડાપ્રધાને દેશના લોકોની વાત પણ સાંભળવી જોઈએ. આ લોકો સરકારની સામે રહેલા વિવાદો અંગે તેમની પાસેથી જવાબની માંગ કરી રહ્યા છે. મોનસુન સત્રમાં હાલ ભારે આક્ષેપબાજીનો દોર ચાલી રહ્યો છે.

## હવે ધોની મોસ્ટ માર્કેટેબલ એથલિટમાં સામેલ કરાયો

નવી દિલ્હી, તા. ૨૪

વિશ્વમાં સૌથી માર્કેટેબલ સ્પોર્ટ્સ પર્સનની યાદીમાં ભારતીય વનડે કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની સ્થાન મેળવવામાં સફળ રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં ફોર્બ્સ મેગેઝિન દ્વારા વિશ્વના ૧૦૦ હાઈએસ્ટ પેઈડ એથલિટોની યાદી કરવામાં આવી હતી તેમાં મહેન્દ્રસિંહ ધોનીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હવે વિશ્વમાં મોસ્ટ માર્કેટેબલ સ્પોર્ટ્સ પર્સનમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધોનીની યશકલગીમાં વધુ મોરપીછુ ઉમેરાયું છે. રસપ્રદ બાબત એ છે કે, ધોની આ યાદીમાં ૯મા ક્રમાંક ઉપર રહ્યો છે. વિશ્વના ફુટબોલ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો



અને લિયોનેલ મેસ્સી કરતા પણ ધોની આગળ રહ્યો છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય વિકેટકીપર બેટ્સમેન ઉસૈન બોલ્ટને પણ પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. આ યાદીમાં ૧૭ વખત ગ્રાન્ડસ્લેમ જીતી ચુકેલા રોઝર ફેડરર પ્રથમ ક્રમાંક ઉપર જ્યારે ટાઈગર વુડ્સ બીજા ક્રમાંક પર છે. આ યાદીમાં સ્થાન મેળનાર અન્યોમાં જોકોવિક, મિકલસન, લેબ્રોન જેમ્સનો સમાવેશ થાય છે. એટીપીની સત્તાવાર વેબસાઈટ ઉપર અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઘણા સ્પોર્ટ્સ ખેલાડીઓ આમા સામેલ થયા છે. એથલિટોની બ્રાન્ડ વેલ્યુ, તેમની વાર્ષિક આવક, કુલ કમાણી, સોશિયલ મિડિયા પર પ્રભુત્વ જેવી બાબતને આરવી લેવામાં આવી છે. આ વર્ષની શરૂઆતમાં વિશ્વને હાઈએસ્ટ પેઈડ એથલિટોની યાદીમાં ધોની ૨૩માં ક્રમ ઉપર રહ્યો હતો. ધોનીની કુલ કમાણી ૩૧ મિલિયન ડોલરની આસપાસની રહી હતી જેમાં પગાર, જાહેરાતની કમાણીનો સમાવેશ થાય છે. જાહેરાતની કમાણીમાંથી તેને ૨૭ મિલિયન ડોલરની રકમ મળી છે જ્યારે પગાર અને અન્ય કમાણી ચાર મિલિયન ડોલરની નોંધાઈ છે.

## બ્યુટી પાર્લર બંધ કરી દેવા હિઝબુલની ફરી ચેતવણી

શ્રીનગર,તા. ૨૪

આતંકવાદી સંગઠન હિઝબુલ મુઝાહિદ્દીનના પોસ્ટરો જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર સપાટી ઉપર આવતા તંત્ર સાવધાન થઈ ગયું છે. આ પોસ્ટરોમાં ચોક્કસ ધમકીઓ આપવામાં આવી છે. કાશ્મીરના પુલવામા જિલ્લામાં કેટલાક વિસ્તારમાં આ પત્રો મળી આવ્યા છે જેમાં બ્યુટી પાર્લરોને તેમના બિઝનેસ બંધ કરવા માટે ધમકી આપવામાં આવી છે. સાથે સાથે ડ્રગ્સના દુરુપયોગ જેવી પ્રવૃત્તિથી દૂર રહેવા લોકોને અપીલ કરવામાં આવી છે. પોસ્ટરોમાં જણાવવામાં આવ્યું છે કે, અમે કરીમાબાગ, નેવા, જદુરા, વાહીબાગ, કાલનમાં રહેતા લોકોને ચેતવણી આપી રહ્યા છે. શરાબ, ચરસ અને અન્ય બિનજરૂરી વસ્તુઓથી દૂર રહેવા ચેતવણી આપવામાં આવી છે. પોસ્ટરોમાં હિઝબુલ મુઝાહિદ્દીનના લોગો અને સ્ટેન્ડ દરાશવવામાં આવ્યા છે. પુલવામા જિલ્લાના ઘણા ભાગોમાં આ પોસ્ટરો મળી આવ્યા છે. પોસ્ટરોની આ વિસ્તારમાં આવેલા બ્યુટી પાર્લરોને બંધ કરવા માટે કહેવામાં આવ્યું છે.

પોસ્ટરો સપાટી ઉપર આવ્યા હોવાની કબૂલાત કરતા પોલીસ ઓફિસરે કહ્યું છે કે, આ ઘટનાક્રમ તોફાની તત્વોનું કામ હોઈ શકે છે. મામલામાં તપાસ ચાલી રહી છે. અગાઉ બળવાખોરોએ ટેલિકોમ કંપનીઓની ઓફિસની અંદર ગ્રેનેડો પણ ઝીંક્યા હતા.

## ભારતમાં તમામ જેલમાં સીસીટીવી માટે આદેશ

નવીદિલ્હી, તા. ૨૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે દેશભરમાં તમામ જેલમાં સીસીટીવી કેમેરા સ્થાપિત કરવા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશને સૂચના આપી દીધી છે. પોલીસ લોકઅપમાં અને જેલમાં હાલમાં જુદા જુદા બનાવો વધી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે પોલીસ લોકઅપમાં પણ સીસીટીવી કેમેરા ગોઠવવાની સ્પષ્ટ સૂચના આપી દીધી છે. જસ્ટિસ ટીએસ ઠાકુર અને જસ્ટિસ આર બાનુમાથીની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, સીસીટીવી કેમેરા એક વર્ષની અંદર જેલમાં ગોઠવી દેવામાં આવે તે જરૂરી છે પરંતુ બે વર્ષથી ચર્ચા ચાલી રહી હોવા છતાં હજુ સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી. કોર્ટે કહ્યું છે કે, દરેક પોલીસ સ્ટેશનમાં ઓછામા ઓછી બે મહિલા કોન્સ્ટેબલ રહે તે ખુબ જરૂરી છે. ચુકાદાની જાહેરાત કરતા જસ્ટિસ ઠાકુરે કહ્યું હતું કે, રાજ્ય સરકારોએ ત્રણ મહિનાની અંદર રાજ્ય માનવ અધિકારી પંચમાં રહેલી ખાલી જગ્યાઓ ભરી દેવી જોઈએ. કોર્ટે રાજ્ય માનવ અધિકાર પંચની રચના કરવા કેન્દ્ર શાસિત પ્રદેશોને પણ આદેશ કર્યો છે. દિલ્હી સહિત કોઈપણ રાજ્યમાં તેમાં પોતાના માનવ અધિકાર પંચ હજુ રચાયા નથી. જેલ સુધારાની માંગ કરીને દિલીપ કે બસુ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા કોર્ટે આ આદેશ કર્યો હતો.

## રાજોરીમાં સ્થિતીમાં સુધાર

જમ્મુ,તા. ૨૪

જમ્મુ કાશ્મીરના રાજોરીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીમાં સવારે નોંધપાત્ર સુધારો થયા બાદ આજે સવારમાં સંચારબંધીમાં બે કલાક માટે રાહત આપવામાં આવી હતી. સંચારબંધીમાં બે કલાકની રાહત સવારે નવ વાગ્યેથી ૧૧ વાગ્યા વચ્ચે આપવામાં આવી હતી. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે સ્થિતીમાં વધુ સુધારો થશે તો સંચારબંધીમાં વધારે રાહત આપવામાં આવશે. જમ્મુ કાશ્મીરના રાજૌરીમાં સંચારબંધી ગઈકાલે સતત બીજા દિવસે યથાવત રાખવામાં આવી હતી. ગુરૂવારના દિવસે કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવી ન હતી.આજે સંચારબંધીમાં રાહત આપવામાં આવતા સામાન્ય લોકોએ જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી હતી.શાંતિ ભંગ થશે તેવી દહેશત વચ્ચે મંગળવારે બપોરે જમ્મુ પ્રદેશના રાજૌરીમાં અચોક્કસમુદ્દત માટેની સંચારબંધી લાગૂ કરવામાં આવી હતી. રાજૌરી જિલ્લાના મેજિસ્ટ્રેટ દિપ્તી ઉપ્પલ દ્વારા સીઆરપીસીની કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા હતા. સેનાની મદદ પણ લેવામાં આવી હતી. નાગરિક વહીવટી તંત્રની મદદ કરવા માટે સેના બોલાવવામાં આવી હતી.

## ફેસબુકના વધારે ઉપયોગથી માનસિક આરોગ્યને અસર

ટોરેન્ટો,તા. ૨૪

ફેસબુકનો ઉપયોગ કરનાર લોકોની માનસિક સમતુલા બગડી શકે છે. ફેસબુકનો ઉપયોગ કરવાથી આરોગ્ય ઉપર પણ સીધી અસર થાય છે. ફેસબુક, ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટનો ઉપયોગ કરનાર લોકોને સાવધાન રહેવાની સચના પણ આપવામાં આવી છે. એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે, તમામ ચીજો દિમાગ ઉપર સીધી અસર કરે છે. જે લોકો આ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર બે કલાકથી વધારે સમય ગાળે છે તે લોકોને એલર્ટ થઈ જવાની જરૂર છે. નવા અભ્યાસ મુજબ સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર વધારે સમય ગાળવાથી ટીનેજર્સને આત્મહત્યાની ભાવના વધનાર વિચારો, મનોવૈજ્ઞાનિક તકલીફો અને માનસિક વિકારો વધવાનો ખતરો રહે છે. માનસિસ આરોગ્ય પણ સંપૂર્ણપણે પ્રભાવિત થાય છે. રિસર્ચમાં જણાવ્યા મુજબ આ અભ્યાસ વાલીઓને પણ સ્પષ્ટપણે ચેવતાણી આપે છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે, આ શોધના પરિણામ મેન્ટલ હેલ્થ સપોર્ટ સર્વિસને પણ ચેતવણી આપે છે. આ સાઈટોને પણ નજર રાખીને તેમને મર્યાદિત કરવામાં આવે તેવો મુદ્દો ઉઠી રહ્યો છે.

**અદબ પલાઠી મોં પર આંગળી** (પાના નં. ૪ નું ચાલુ)

એક ડૉકટર જેમ દરદીને તપાસે તેમ લેખકે ગાંધીને તપાસ્યા છે, માણ્યા છે અને વાચક સમક્ષ ખુલીને મૂકયાં છે. થોડાક નમૂના તપાસીએ : સત્ય, નિખાલસતા, દંભ, ગાંધીનો સમાજ, સત્યનો ચહેરો, ગાંધી એન્ગ્રી યંગમેન, ગાંધી વિચારની પ્રસ્તુતતા, ગાંધી અને સેકસ, ગાંધી અને આનંકવાદ, વિશ્વશાંતિ, ગાંધી આજે પણ...! ગાંધી અને મતભેદ, નહેરું અને ગાંધી, ક્રિકેટ, ગીતા અને ગાંધી, વિનોબા, આઈનસ્ટાઈન અને ગાંધી બાપુની છાતીમાં સત્યનું મંદિર - જેવા વિવિધ દષ્ટિકોણથી લેખકે વાચકને વિચારવાની દિશાઓ ખોલી આપી છે. અને પ્રમાણિકપણે અસંમત થવાની છૂટ પણ આપી છે.

જયારે કોઈને છેતર્યા પછી ખટકો રહે, જયારે કોઈને દુભવ્યા પછી પસ્તાવો થાય, જયારે જુઠ્ઠુ બોલ્યા પછી બેચેની રહે, જયારે સાચુ બોલનાર માણસનો પક્ષ લેવાની ચળ ઉપડે, જયારે સત્યપાલન કર્યા બદલ નુકસાન વેઠવાની તૈયારી જાગે, જયારે નિખાલસતા સ્થાયીભાવ બને અને જયારે જેવા હોઈએ તેના કરતાં સારાં દેખાવામાં પીડાનો જાણવું કે મહાત્મા ગાંધીની જાદુઈ લાકડી આપણને વાગી છે.

આ પુસ્તક નિખાલસ બનવાની સુંદર તક પૂરી પાડે છે. પુસ્તકના પાને-પાને લેખકની નિખાલસતા ટપકે છે. આજે યુવાનો માટે ગાંધી 'મજબુરીકા નામ' હોય ત્યારે યુવાનોમાં ગાંધી વિશેની તમામ શંકાઓનું સમાધાન અહીં પ્રાપ્ત થાયછે. ગાંધીજીની આત્મકથા સૌથી વધુ વેચાઈ હોય શકય છે પણ આજના પરિપ્રેક્ષ્યમાં ગાંધીને સમજવા માટેનું 'ગાંધીની લાકડી' થી અદકેરૂ કોઈ અન્ય પુસ્તક મારા ધ્યાનમાં નથી. ગાંધીને સાચા અર્થમાં સમજવા માટેની આ 'ગીતા' છે. એમ કહેવામાં જરાય અતિશયોકિત કરતો નથી! મો. ૯૪૨૮૫૨૦૨૯૦

(પુસ્તક : ગાંધીની લાકડી', લે. ગુણવંત શાહ, આર. આર. શેઠ ની કું. અમદાવાદ કિંમત રૂા. ૨૦૦/-)

મિસરી

''પ્રાર્થનામાં શબ્દશૂન્ય રુદય ચાલે પરંતુ રુદયશૂન્ય શબ્દો નહીં.''
(ગાંધીની લાકડી, પાન.નં. ૧૯૨)

(sms - વાડીભાઈ કે. પટેલ, વડોદરા)